

# વિષય : પતિ-પત્નિના ઝઘડામાં બાળક માનસિક રીતે પીસાય છે.

**ધૃતિબેન એસ. રાઠોડ**

(સુપરવાઇઝર, પૂ.પ્રા.વિ.-ગુ.મા.)

❖ **પ્રસ્તાવના :** આ સંશોધનનો મુખ્ય હેતુ છે કે, માતા-પિતા વચ્ચેના ઝઘડાઓ બાળકો પર અસર કરે છે તે જીવનના વિવિધ પાસાઓ પર કેવી અસર કરે છે તે સમજવું.

❖ **વિષયનું અર્થઘટન :** ''પતિ–પત્નિ વચ્ચેના ઝઘડાની બાળકો પર થતી અસર'' એટલે ઘરમાં પતિ–પત્નિ વચ્ચે થતાં મતભેદો અને ઝઘડાઓથી બાળકોના વ્યકિતત્વ, અભ્યાસ, ભાવનાત્મક અને શારિરીક સ્વાસ્થ્ય પર પડતી અસર.

- **કારણ :** આજકાલના બાળકો ઘરમાં થતા ઝઘડાની અસરથી કઈ રીતે પીસાતા જઇ રહ્યા છે તે જાણવા માટે.
- **કેવી રીતે ? :** અહેવાલો, સમાચારો, ઉપલબ્ધ પુસ્તકો અને સૌથી મહત્વ બાળકો અને માતા–પિતા સાથે મળીને વાર્તાલાપ કરીને.

➢ **સંશોધન માટે કયા નમૂના પસંદ કરવામાં આવ્યા ?**

૧. **પ્રાથમિક નમૂના :** વિદ્યાર્થીઓ/બાળકો અને માતા–પિતા સાથે વાર્તાલાપ

૨. **દ્વિતીય નમૂના :** અહેવાલો, સમાચાર પત્રક, રીસર્ચ પેપર દરેક કેસ પ્રાયોગિક ઉદાહરણ ટેબલ દ્વારા કરયા.

➢ **સંશોધન માટે પ્રક્રિયા કેવી રીતે કરી ? પ્રક્રિયાનું વર્ણન :**

૧. માતા–પિતા તથા કુટુંબજનો સાથે વાત કરી.

૨. બાળકના હિતને કેન્દ્રમાં રાખીને સમસ્યાનો હલ કરવાની કોશિશ કરી.

➢ **કસોટી દ્વારા ચકાસણી :**

- પતિ–પત્નિના ઝઘડામાં બાળક પીસાય જાય છે. આ સમસ્યા ખૂબ જ સંવેદનશીલ છે.
- બાળક કેવો તણાવ અનુભવે છે.
- ગુસ્સાથી ડરી જાય છે.
- ઘ્યાનમાં ઘટાડો થવાથી અભ્યાસ બગડે છે.

➢ **માહિતીનું એકત્રીકરણ :**

- માતા–પિતા સાથે રૂબરૂ વાતચીત કરવાની પ્રક્રિયા.
- માતા-પિતાના ઝઘડાથી બાળકોમાં અસુરક્ષાનો ભાવ ઉદ્દ્ભવે છે. (Childline, 2016) અમદાવાદના Childline NGO નો અહેવાલ વાંચીને.

➢ **પરિણામો :** આવા બાળકોની શારિરીક અને માનસિક સ્થિરતા ખોવાય છે. આ બાળક ખૂબ Aggresive બનતું જાય છે.

➢ **અવલોકન :**

- વર્ગમાં ઘ્યાન નથી આપતા.
- ઘરકામ (હોમવર્ક) અધૂરું રાખવું.
- એકલું રહેવું પસંદ કરે છે.
- મિત્ર બનાવવા પસંદ નથી કરતા.
- અને બાળક ભવિષ્યમાં ડિપ્રેશનમાં આવી જાય છે તેથા વધું ચિંતાતુર બનતો જાય છે.

➢ **ભાવિ સંશોધન માટેના સૂચનો :**

- આ સંશોધનમાં પતિ–પત્નીએ પોતાના બાળક માટે સતત શિક્ષક સાથે કાઉન્સેલિંગ કરવું.
- તેના સામે કદી પણ ઉગ્ર ન બનવું. ઘરમાં શાંતિપૂર્ણ વાતાવરણ રાખવું જોઇએ.
- ગમે તેવા ઝઘડાનો ઉકેલ અગર શાંતિપૂર્વક કરવામાં આવે તો બાળક પર અસર ઓછી થાય છે.

---



# વિષય : ૫ થી ૬ વર્ષના બાળકોના મનોવલણોના ક્રિયાત્મક સંશોધન

**રેખાબેન એસ. રાઠોડ**

(સુપરવાઇઝર, પૂ.પ્રા.વિ.-ગુ.મા.)

**(૧) પ્રસ્તાવના : ૫ થી ૬ વર્ષના બાળકોના મનોવલણનો અભ્યાસ**

પૂર્વ પ્રાથિમક શિક્ષક તરીકે ૫ થી ૬ વર્ષના બાળકોના મનોવલણનો અભ્યાસ કરવો ખૂબ જ મહત્ત્વ પૂર્ણ છે. કારણ કે, આ ઉમરે બાળકનો સર્વાંગી વિકાસ ખૂબ ઝડપી ગતિએ થતી હોય છે. આ ઉમરે બાળકના મગજનો ૯૦% વિકાસ થઇ ચૂકયો હોય છે.

આ ઉમરે બાળકો દોડવું,કૂંદવુ, વસ્તુઓ ઓળખવી, રંગો, આકારોની સમજ અક્ષર શબ્દ ભાષાની સમજ પડવા લાગે છે. બાળગીતો, વાર્તા અને તેના અર્થ સમજવા લાગે છે.પોતાના ભાવ વ્યકત કરવા રડવું, ગુસ્સો કરવો, જીદ કરવી આ પ્રકારના લક્ષણો આ ઉમરે બાળકમા ઉદ્દભવા લાગે છે.